**C.C.NO.154.2026**

## આંકઃ-૦૧ લગત હુકમ

આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી મુજબ ગુનો નોંધવા માં આવેલ છે.

હાલના કેસના સંજોગો જોતા, આરોપી દારૂ પીધેલી હાલતમાં પકડાઇ જતા, તેમની સામે સબબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આરોપી કેસ કબુલ કરવા માંગતા હોય. આરોપી દ્વારા જણાવવામાં આવેલ છે કે તેઓ આ ગુન્હો રાજી ખુશીથી અને સ્વૈચ્છિક રીતે કબુલ કરવા માંગે છે અને અમો મજુર તેમજ ગરીબ વર્ગના માણસ છીએ. તેમજ અમારા કુટુંબની ભરણ પોષણની જવાબદારી અમારા પર હોઈ અમો માંડ માંડ કરીને અમારા કુટુંબનુ ભરણ પોષણ કરીએ છીએ. અમો કાયદા થી અજ્ઞાત અને અભણ છીએ અને હાલ અમારા કપરા સંજોગો ચાલતા હોય અમારી સામેનો આ ગુન્હો માં કસુર બદલ અમો માફી ચાહીએ છીએ, ફરી વખત આવું ન બને તેની અમો તકેદારી રાખીશુ, અમારી ઉપર રહેમ રાખી ઓછો સજા કરવા મહેરબાની કરશોજી.

નામ. ગુજરાત વડી અદાલત દવારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯** ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે The word ''special' has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apperant and unquestioable from the language employed in the proviso that the reason to be recorded in writing in judgement for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is therefore very clear that discretionary jurisdiction empowered in the trial magistrates must be based on and in presence special and adequate reasons to the contrary to be mentioned in the judgement of the court for each case and each accused. ( Para 42; See also Para 35, 43 and 44) જે પ્રસ્થાપિત સિધ્ધાંતને હાલના કેસની હકીકત સાથે લક્ષમાં લેવામાં આવે તો, હાલના જે આરોપી/આરોપીઓ દવારા કબુલાત કરવામાં આવે છે, તેમની સામે કાયદામાં પ્રસ્થાપિત કરેલ સજાની જોગવાઈ કરતા, ઓછી સજા કરવી મુનાસીફ જણાય છે.

તમામ હકીકત તથા સંજોગોને ધ્યાને લેતા. આરોપીને બી.અન.એસ.એસ.ની ક. ૨૬૪ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂ.૧૦૦/-(એકસો પુરા) દંડ કરવામાં આવે છે . આરોપી જો દંડની રકમ ન ભરે તો દીન-૦૩ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

અગાઉ મુદામાલ બાબતે હુકમ કરેલ હોય તો તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી જુલાઈ , ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ- હારીજ (એમ.ડી.જાદવ)

તારીખઃ-૧૧/૦૭/૨૦૨૬ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,હારીજ

જજ કોડ નં. જીજે-૦૧૭૪૬